For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સોનાના ભાવનો સામાજિક પરંપરા પર માર

આમ તો કંકુને કન્યાનો જ રિવાજ છે પરંતુ માતા-પિતા કરિયાવરમાં પુત્રીને પાંચ તોલા જેટલું સોનું આપે છે

આ રિવાજો શરૂ થયા ત્યારે સોનાનો ભાવ અલગ હતો, હવે સમાજો રિવાજ બદલી રહ્યાં છે

સુરતઃ કંકુ અને કન્યા આજ અપેક્ષા દરેક સમાજમાં હોય છે પરંતુ દીકરીને કરિયાવર આપવું એ પરંપરા છે પરંતુ કરિયાવર માંગવું તે દહેજ છે. જેના કારણે પિતા દીકરીને સાસરે વળાવતી વખતે કંઈને કંઈ આપે તે પરંપરા છે. ખાસ કરીને જુદા જુદા સમાજમાં એક તોલાથી લઈને 20 તોલા સુધીનું સોનું દીકરીને આપવામાં આવે છે જે એક સામાજિક રિવાજ છે. પરંતુ જ્યારે આ

...અનુસંધાન પાના 5 પર

પાંચ તોલાને બદલે બે તોલાનો રિવાજ કરી દેવાયો : ભરવાડ સમાજ

ભરવાડ સમાજના યુવાન અગ્રણી ભીમાભાઇ ભરવાડે જણાવ્યું હતું કે, તેમના સમાજમાં તો સાટુ વાળવાનો રિવાજ છે એટલે કે દીકરીને સામે દીકરી અને દિકરાની સામે દિકરો આપવાનો રિવાજ છે પરંતુ, જેમને માત્ર દિકરી કે દિકરો હોય તેઓ

...અનુસંધાન પાના 5 પર

આહિર સમાજે પણ ક્ષમતા પ્રમાણે જ દીકરીને સોનું આપવાનું નક્કી કર્યું

આહીર સમાજના યુવાન મિતેશભાઇ આહિરે જણાવ્યું હતું કે, તેમનામાં કરિયાવરની જેમ મામેરાનું પણ મહત્વ છે. અત્યાર સુધી પાંચ તોલા સોનું દીકરીઓને આપવામાં આવતું હતું પરંતુ સોનાના ભાવ જે રીતે વધ્યા છે તે જોતા હવે ક્ષમતા પ્રમાણે જ દિકરીને

...અનુસંધાન પાના 5 પર

રબારી સમાજમાં પણ ચિંતન શરૂ કરી દેવામાં આવ્યું છે

રબારી સમાજના અગ્રણી શૈલેષભાઇ રાયકાએ જણાવ્યું હતું. ગુજરાતના રબારી સમાજમાં લગ્ન પ્રસંગે મોટા પ્રમાણમાં દાગીના ચઢાવવાનો

...અનુસંધાન પાના 5 પર

સોનાના વધતા ભાવે સામાજિક રિવાજના ટ્રેન્ડમાં બ્રેક મારી દીધી: મનોજ લોટવાલા

સુરતઃ શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટના પ્રમુખ મનોજભાઇ લોટવાલાએ જણાવ્યું હતું કે સોના ચાંદીના વધતા ભાવે સામાજિક રિવાજનાં ટ્રેન્ડમાં બ્રેક મારી દીધી છે. આજે સારા પ્રસંગ માટે સોનુ ખરીદવા સામાન્ય પરિવારની હાલત ખરાબ થઈ જાય છે,ત્યારે સારા પ્રસંગે સોનાના દાગીના આપવાના રિવાજને પૂર્ણ

...અનુસંધાન પાના 5 પર



શનિવારનો સોનાનો ભાવ

24 કેરેટ 10 ગ્રામ ભાવ	22 કેરેટ 10 ગ્રામ ભાવ
1,60,000	1,52,190

મહાશિવરાત્રિના ઉપવાસ માટે શક્કરિયાનું ધૂમ વેચાણ

■ આજે મહાશિવરાત્રિ નિમિત્તે દરેક ભક્તો ઉપવાસ રાખે છે અને માત્ર ફરાળ જ આરોગે છે. જેમાં શક્કરિયાનો ઉપયોગ વધુ થતો હોવાથી તેની ખરીદીની ધૂમ જોવા મળી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

વેલેન્ટાઈનના દિવસે શહેરમાં ચિંતાજનક ઘટના

કિશોર વયના પ્રેમાંધ યુગલે હાથ પર બ્લેડ મારી ઝેર પીધું

રાંદેરના બોટોનિકલ ગાર્ડનમાં ચકચાર મચાવનારી ઘટના, સ્થાનિકોએ લોહીલુહાણ હાલતમાં બંનેને હોસ્પિટલ ખસેડ્યા

યુગલ છેલ્લા એકાદ વર્ષથી એક બીજાના પ્રેમમાં હોવાની વાત, 'વાંચવા જઈ રહી છું' કહીને સગીરા ઘરેથી નીકળી હતી

સુરતઃ પ્રેમના પર્વ તરીકે ઓળખાતા વેલેન્ટાઈન ડેના આગલા દિવસે સુરત શહેરમાં પ્રેમી યુગલો દ્વારા આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. રાંદેરના બોટોનિકલ ગાર્ડનમાં કિશોર વયના પ્રેમી યુગલે હાથ પર બ્લેડ મારી અને ઝેરી દવા

...અનુસંધાન પાના 5 પર

વરાછામાં વેલેન્ટાઈન ડેની પૂર્વ સંધ્યાએ દંપતીએ ફિનાઈલ પીધું

સુરતઃ વરાછા ગીતાંજલિ પેટ્રોલ પંપ સામે બ્રિજની નીચે રહેતા 30 વર્ષીય રવિ રજૂ દેવીપૂજક છૂટક મજૂરી કરે છે. રવિ અને તેની 25 વર્ષીય પત્ની શીતલે આજે સવારે ફાઇનલ પી લીધું હતું, જેથી તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ દંપતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે રહસ્ય સર્જાયું છે. આ બનાવની વધુ તપાસ વરાછા પોલીસ કરી રહી છે.

ગૂગલ જોઈને બાથરૂમમાં MD ડ્રગ્સ બનાવાતું હતું

અંકલેશ્વર GIDCની સિદ્ધ સોસાયટીમાં બાથરૂમમાં લેબ ઊભી કરનાર ઝડપાયો

શેર અને એવેન્જર્સ ગેમમાં 25 લાખનું દેવું થઇ જતાં યુવાને ડ્રગ બનાવવાનો માર્ગ અપનાવ્યો

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર GIDCમાં ભાડાના મકાનમાં આવેલા બાથરૂમમાં લેબ તૈયાર કરી MD ડ્રગ બનાવવામાં આવતું હોવાને ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થયો છે. ભરૂચ SOGની ટીમે દરોડા પાડી આ સમગ્ર કૌભાંડ ઝડપી પાડ્યું છે.

અંકલેશ્વર GIDC રેસિડેન્સિયલ વિસ્તારમાં આવેલી સિદ્ધ કો.ઓ. હા. સોસાયટીના બી બ્લોકમાં 301 નંબરના ભાડાના મકાનના બાથરૂમમાં ગુપ્ત લેબ તૈયાર કરવામાં આવી હોવાની ભરૂચ SOG પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે SOGએ શુક્રવારે મોડી રાત્રે દરોડા પાડ્યા હતા. પોલીસ ટીમ આ મકાનમાં પહોંચતા તે સ્તબ્ધ થઇ ગઈ હતી, જેમાં ફાર્મા કંપનીમાં કામ કરતા કેમિસ્ટે બાથરૂમમાં જ આખી લેબ તૈયાર કરી હતી. કર્મચારી દિવસે નોકરી પર અને રાત્રે લેબમાં ડ્રગ્સ બનાવતો હતો. જો કે, ડ્રગ્સ બનાવીને સપ્લાય કરે એ પહેલાં જ પોલીસે રંગેહાથ ઝડપી લીધો હતો.

ભરૂચ SOGએ ફાર્મા કંપનીમાં કામ કરતા કેમિસ્ટ અનિલ ગોરધનભાઈ રાખોલીયા (રહે.,B/301, સિદ્ધ એપાર્ટમેન્ટ, અંકલેશ્વર GIDC, મૂળ રહે.,વીરપુર, રામમંદિર પાસે, તા.વિસાવદર, જિ-જૂનાગઢ)ને ઝડપીને પ્રાથમિક પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે, આરોપી GIDC વિસ્તારમાંથી છૂટક રો-મટિરિયલ લાવી ગૂગલ પરથી માહિતી મેળવી વિવિધ કેમિકલના મિશ્રણથી ડ્રગ્સ તૈયાર કરતો હતો.

પોલીસે દરોડા દરમિયાન 74.88 ગ્રામ જેટલું MD ડ્રગ્સ કિંમત રૂ.2,24,640, એક મોબાઈલ રૂ.20

...અનુસંધાન પાના 5 પર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કે કોન્ટ્રાક્ટના કૌભાંડોનું ઇન્સ્ટિટ્યુટ!

સિક્યોરિટીના વિવાદ વચ્ચે હવે ભોજન કૌભાંડનો બખેડો

હજી પણ 50 ટકા સિક્યોરિટી ગાર્ડ જ હાજર, અનેકના પોલીસ વેરિફિકેશન અને ફિટનેસ સર્ટિ.માં પણ ગરબડના આક્ષેપો

છાત્રાલયમાં નબળું જમવાનું, ફૂડ પોઈઝનિંગની ફરિયાદો; વિદ્યાર્થીઓનો ઉગ્ર વિરોધ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સિક્યુરિટી વ્યવસ્થા માટે આપવામાં આવેલા તાજા ટેન્ડરને લઈને ભારે વિવાદ અને ગંભીર આક્ષેપો ઉભા થયા છે. યુનિવર્સિટીના જવાબદાર અધિકારીઓની ખુલ્લી મિલીભગતથી વિજલ પ્લસ સિક્યુરિટી સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડને શંકાસ્પદ રીતે નવો કોન્ટ્રાક્ટ ફાળવવામાં આવ્યો હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ સ્પષ્ટ થઈ રહ્યું છે. આ વિવાદ હજી શાંત નથી પડ્યો ત્યાં ભોજનમાં પણ કૌભાંડના આક્ષેપો સાથે એબીવીપી દ્વારા ભારે હોબાળો

...અનુસંધાન પાના 5 પર

કયા રાજકીય દબાણથી સિક્યોરિટી કોન્ટ્રાક્ટ અપાયો!

યુનિવર્સિટીના સત્તાધીશો દરેક સવાલોનો એક જ જવાબ પોપટની જેમ રટણ કરી રહ્યા છે કે કોન્ટ્રાક્ટમાં કઈ ખોટું થયું નથી, બધું નિયમ પ્રમાણે જ કરાયું છે. પરંતુ કયા નિયમો બદલાયા? શું ફેરફાર અને કેમ કરાયા? નવા કોન્ટ્રાક્ટર પાસે પુરતા માણસો છે કે નહીં? તેમની વિગતો આવી છે કે નહીં? તે અંગે કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવી રહ્યો નથી. ગોળગોળ વાતો કરીને યુનિવર્સિટીના સત્તાધીશો શંકાઓ ઉપર પોતે જ મોહર લગાવી રહ્યા છે.

ભોજનના કોન્ટ્રાક્ટમાં પણ વિવાદ: વહીવટી ભવન સમક્ષ કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરવાની માંગ સાથે પ્રદર્શન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના છાત્રાલયમાં છેલ્લા એક મહિનાથી ભોજનની ગુણવત્તા અત્યંત નબળી હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ જમવામાં સ્વાદ, સ્વચ્છતા અને પોષણનો અભાવ છે, જેના કારણે અનેક વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ સહિત પેટની તકલીફો ભોગવવી પડી રહી છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે ભોજનમાં વાસી શાકભાજી, અપૂરતું પકાવેલું અન્ન અને અસ્વચ્છ પાણીનો ઉપયોગ થતો હોવાના કારણે સ્વાસ્થ્ય પર સીધી અસર પડી રહી છે. અનેક વિદ્યાર્થીઓ સારવાર લેવા મજબૂર બન્યા હોવા છતાં યુનિવર્સિટી તંત્ર દ્વારા પરિસ્થિતિને ગંભીરતાથી લેવામાં આવી નથી. આ મુદ્દે દસ દિવસ પહેલાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા યુનિવર્સિટી પ્રશાસન સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં ભોજનની ગુણવત્તા સુધારવા, નિયમિત ચકાસણી કરવાની અને જવાબદાર કોન્ટ્રાક્ટરને નોટિસ આપવા માંગ કરવામાં આવી હતી. પરંતુ વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ આજદિન સુધી કોઈ ઠોસ પગલાં લેવામાં આવ્યા નથી. પ્રશાસનની ઉદાસીનતા સામે આજે હોસ્ટેલના વિદ્યાર્થીઓ વહીવટી ભવન સમક્ષ એકત્રિત થયા અને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું. વિદ્યાર્થીઓએ સ્પષ્ટ માંગણી કરી કે હાલના ભોજન કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી હટાવી નવો કોન્ટ્રાક્ટ આપવામાં આવે તથા ભોજન વ્યવસ્થાની સ્વતંત્ર તપાસ કરવામાં આવે. વિદ્યાર્થીઓએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

કોબ્રા ઝેરની તપાસમાં રાજ્યની લેબ બિનઉપયોગી સાબિત થઈ

આખા ગુજરાતમાં ઝેરની તપાસ માટે આધુનિક લેબ જ નથી?!

કોબ્રા ઝેર તરીકે ઝડપાયેલા ઝેરને વૈજ્ઞાનિક તપાસ માટે મુંબઈની સૌથી જૂની "હાફકિન ઇન્સ્ટિટ્યૂટ"ને સોંપાયું

વિકાસની મોટી મોટી વાતો કરતી ગુજરાતના ગાંધીનગરની શોભાના ગાંઠિયા જેવી લેબોરેટરી, સાપની પ્રજાતિ ઓળખવામાં નિષ્ફળ

સુરતઃ શહેરમાં પકડાયેલા "કોબ્રા ઝેર" કેસે ગુજરાત સરકારના વિકાસના દાવાઓ પર સવાલ ઊભા કર્યા છે. રાજ્યમાં સાપના ઝેર જેવી ગંભીર અને સંવેદનશીલ બાબતમાં પણ ચોક્કસ વૈજ્ઞાનિક તપાસ કરવાની સુવિધા ઉપલબ્ધ નથી. એ હકીકત હવે સત્તાવાર રીતે સામે આવી છે.

સુરતમાં એક મહિના પહેલાં એસઓજી દ્વારા પકડાયેલા ઝેરને લઈને વન વિભાગે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. કેસના આરોપીઓ જામીન પર મુક્ત થઈ ગયા હોવા છતાં તપાસનું મુખ્ય કેન્દ્ર પકડાયેલું ઝેર હતું. આ ઝેર ખરેખર કોબ્રાનું છે કે નહીં? તે નિશ્ચિત કરવું તપાસ માટે અત્યંત મહત્વપૂર્ણ હતું. ઝેરની તપાસ માટે નમૂનો ગાંધીનગર સ્થિત રાજ્ય લેબોરેટરીમાં મોકલાયો હતો. મહિના જેટલી રાહ બાદ મળેલા રિપોર્ટમાં માત્ર એટલું જ સ્પષ્ટ થયું કે પકડાયેલ પદાર્થ "સાપનું ઝેર"છે. પરંતુ તે કોબ્રાનું છે કે અન્ય કોઈ સાપની પ્રજાતિનું તે ઓળખવાની સુવિધા જ લેબમાં ઉપલબ્ધ નથી. અર્થાત્, રાજ્યની લેબ પ્રાથમિક સ્તરથી આગળ વધીને પ્રજાતિ નિર્ધારણ જેવી મહત્વપૂર્ણ તપાસ કરી શકતી નથી. પરિણામે કેસની દિશા નક્કી કરવામાં જ વિલંબ થયો છે. ટેક્નોલોજી અને આધુનિક ઉપકરણોની અછતને કારણે હવે વન વિભાગે ઝેરની વધુ ચોક્કસ અને વિશ્લેષણાત્મક તપાસ માટે તેને મુંબઈ સ્થિત દેશની અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થા હાફકિન ઇન્સ્ટિટ્યૂટને મોકલ્યું છે. સો વર્ષથી વધુ જૂનો ઇતિહાસ ધરાવતી આ સંસ્થા ઝેર અને જૈવિક નમૂનાઓની ઊંડાણપૂર્વક તપાસ માટે જાણીતી છે. હવે અંતિમ રિપોર્ટ અહીંથી આવશે, ત્યારબાદ જ કાયદેસરની કાર્યવાહી મજબૂત રીતે આગળ વધી શકશે.

વિકાસના દાવા વચ્ચે વૈજ્ઞાનિક સુવિધાઓની ખામીઓ ઉઘાડી પડી ગઈ

રાજ્યમાં ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્માર્ટ સિટી જેવા મોટા પ્રોજેક્ટોની જાહેરાતો વચ્ચે, એક આધુનિક અને સંપૂર્ણ સજ્જ ફોરેન્સિક લેબોરેટરીનો અભાવ ચિંતાજનક છે. જો ગુજરાતમાં જ પ્રજાતિ ઓળખી શકાય તેવી સજ્જ લેબ હોત, તો તપાસમાં મહિના સુધીનો વિલંબ ન થયો હોત અને આરોપીઓ સામે પુરાવા પણ વધુ મજબૂત બની શક્યા હોત. આ સમગ્ર પ્રકરણ એ દર્શાવે છે કે "વિકાસ"માત્ર ઇમારતો અને રસ્તાઓ પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ; વૈજ્ઞાનિક અને સંશોધન સુવિધાઓમાં પણ સમાન પ્રાથમિકતા જરૂરી છે.

સુરત પોલીસે તો આશ્ચર્યજનક રીતે ઝેરનો 90 લાખ ભાવ નક્કી કરી નાંખ્યો હતો

વનવિભાગ હજી ક્યુ ઝેર છે તે નક્કી કરી શક્યુ નથી પરુંએસઓજીના ડીસીપી રાજદીપ સિંહ નકુમે જે તે સમયે જાહેરાત કરી હતી કે, આ એક પ્રતિબંધિત છે અને એની એક ml ની કિંમત 90 લાખ રૂપિયા ઇન્ટરનેશનલી ગણાય છે

એથર મોપેડ પર થારનો નંબર લગાડીને ફરતો ગઠિયો કેમેરામાં કેદ

સુરતઃ શહેરમાં ટ્રાફિક વિભાગની નિયમિત ચકાસણી દરમિયાન ડુપ્લિકેટ નંબર પ્લેટનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફોર વ્હીલર કારનો નોંધાયેલ નંબર એક ટુ-વ્હીલર મોપેડ પર લગાવીને ચાલક ફરતો હોવાને કારણે ઈ-મેમો મૂળ કાર માલિકને ફટકારાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, અડાજણ પાલ વિસ્તારમાં લેકવ્યુ રો હાઉસમાં રહેતા કૌશલ સિંહે વર્ષ 2025માં થાર ફોર વ્હીલર કાર ખરીદી હતી. તેમની કારનો રજીસ્ટર્ડ નંબર GJ-05-JT-0002 છે અને વાહન તેમની જ માલિકીમાં છે. તાજેતરમાં આ જ

...અનુસંધાન પાના 5 પર

રાત્રે 10 પછી DJ વગાડ્યું તો સાધનો જપ્ત

બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ કમિશનરનું જાહેરનામું

જેમને ત્યાં લગ્ન લેવાયા છે તેઓ અવઢવમાં મુકાયા

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને બીજી તરફ લગ્નસરાની સીઝન જામી હોવાથી મોડી રાત સુધી વાગતા ડીજે અને બેન્ડવાજાના અવાજને કારણે વિદ્યાર્થીઓની એકાગ્રતા ખોરવાતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈ સુરત પોલીસ કમિશનર દ્વારા કડક જાહેરનામું બહાર પાડીને શાંતિ ભંગ કરનારાઓ સામે 'સર્જિકલ સ્ટ્રાઈક'ની તૈયારી કરી લેવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે,ત્યારે શહેરના કોઈપણ પાર્ટી પ્લોટ, હોલ કે જાહેર સ્થળ પર રાત્રે 10:00 વાગ્યા પછી મોટા અવાજે

...અનુસંધાન પાના 5 પર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા, એ માતાની મીઠી છાયા
જગતમાં ક્યાંય ન મળે, હૈયું રડે, નયનો રડે ને રડી રહ્યા સંતાનો,
એ આંસુડાને લુછનાર માયાળુ "માં" ક્યાં મળે, જેણે તડકો વેઠી શૂન્યમાંથી
સર્જન કર્યું, તે "માં" ના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ. હીરાબેન કિરણભાઈ પટેલ
જન્મ તા.૧૮/૦૫/૧૯૫૪
સ્વ. તા. ૧૫/૦૨/૨૦૨૫

લિ. કિરણભાઈ શાંતિભાઈ પટેલ (પતિ)
મનોજભાઈ કિરણભાઈ પટેલ (પુત્ર) | જયનાબેન મનોજભાઈ પટેલ (પુત્રવધુ)
કેતનભાઈ કિરણભાઈ પટેલ (પુત્ર) | દિપીકાબેન કેતનભાઈ પટેલ (પુત્રવધુ)
જયેશભાઈ દયાળભાઈ પટેલ (જમાઈ) | હેમલતાબેન જયેશભાઈ પટેલ (પુત્રી)
જયમીન (લખન) રાજુભાઈ પટેલ (પુત્ર જમાઈ) | કૃતિબેન જયમીનભાઈ પટેલ (પૌત્રી)
ચિંતન, જય, કિષ્ના, શિવાય, ધાર્મી, રીયા, માલ્કમ,
પાર્થ, શ્વેત, જેન્સી, ચાર્મી તથા સમસ્ત ઘંટીવાલા પરિવાર
નિવાસ સ્થાન : વૃંદાવન સ્ટ્રીટ, ડુંઢ-મગદલ્લા, રાયન સ્કુલ સામે, ડુમસ રોડ, સુરત.

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

અચાનક લીધી વિદાય એ મન હજુ નથી માનતું. ઉદય એનો અસ્ત આ સત્ય સનાતન છે. છતાં કદાચ અમુક વિદાય એવી હોય જે ક્યારેય વિસરાતી નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. ભરતભાઈ લલ્લુભાઈ આહીર
સ્વ. તા. ૧૫-૦૨-૨૦૨૫

લિ.
વિશાલ ભરતભાઈ આહીર
તસ્વી વિશાલ આહીર
શુભમકુમાર ભરતભાઈ આહીર
જીલ શુભમકુમાર આહીર
નિવાસસ્થાનઃ ગામ- ઉન, તા. જી. નવસારી

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

ભાવભીની શ્રધ્ધાંજલિ

વીરમતીબેન ફકીરચંદ શાહ ચેરી. ટ્રસ્ટ.
BetterLife · Bhadresh Shah Foundation
ભદ્રેશ ● પ્રીતિ ● સ્વપ્ન ● ડૉ. પ્રિયંકા
રસિલાબેન, છાયા-ભદ્રેશ, નીતા-રશ્મી, શિલ્પા-દિલીપ
નવ્યા-નિર્વાણ-રિયા, અમિ, ધ્રીમેન, ક્રિટિજ, નુપુર
અમો, સ્વજનો, સાથીઓ અને સહકર્મીઓ
એફ.સી. શાહ મેમોરીયલ હોસ્પિટલ, મુંબઈ, જોગાણીનગર-સિટાડેલ સતત ૩૧ ઝોણી સુપર સ્પીકર & કલ્ચરલ સ્પર્ધાઓનાં પ્રણેતા
ગોપીપુરા હેરિટેજ પોક, પર્યુષણ વ્યાખ્યાનમાળા, જૈન સુપર સ્પીકરના પ્રેરક
જોગાણી નગર મીની ટાઉનશીપનાં પ્રણેતા
શ્રી જોગાણી નગર જૈન સંઘનાં આદ્યસ્થાપક
શ્રી શિનોર જૈન સમાજનાં પૂર્વ પ્રમુખ અને નૂતન ઉપાશ્રય-વાડીનાં પ્રણેતા
વીરમતીબેન એફ. શાહ પ્રાથમરી સ્કુલ, અમરોલી
વીર-પ્રીતિ યાત્રિક ભવન, શિનોર
વીર-પ્રીતિ સંસ્કૃતિ ભવન-પ્રવૃતિ ભવન, ભદ્રશાગ્રામ, સુરત
પ્રીતિ ભદ્રેશ શાહ હા.સેકન્ડરી સ્કુલ, અમરોલી
Bhadresh Shah Seminar Hall, Inst. of Engrs., Surat
વીર-પ્રીતિ ભ.મહાવીર એનિમલ કેર (હોસ્પિ.) સેન્ટર, સુરત

સ્વ. શ્રી ફકીરચંદ ચંપકલાલ શાહ (૨૮મી પૂણ્યતિથિએ)
જન્મ તા. ૧૭-૦૫-૧૯૩૦
સ્વ. તા. ૧૫-૦૨-૧૯૯૮

સ્વ. વિરમતીબેન ફકીરચંદ શાહ (૬૬ પૂણ્યતિથિ વર્ષ)
જન્મ તા. ૦૫-૦૬-૧૯૩૫
સ્વ. તા. ૧૧-૧૦-૨૦૨૦

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. છનાભાઈ મંગુભાઈ પટેલ
સ્વ. તા. ૧૫-૦૨-૨૦૨૧

સ્નેહ, સમતા, સેવા અને સદભાવમય, સરળ તેમજ અર્થસભર જીવનથી ઘર પરિવાર અને સમાજને પ્રેમ અને પુરુષાર્થથી મહેકતા કરીને અચાનક અમારી વચ્ચેની આપની વિદાયને પાંચ વર્ષ થયા, ત્યારે આપની ભવ્યતા અને દિવ્યતાને હૃદયપૂર્વક સ્મરણાંજલી અર્પતા અમો સહુ...

લિ.
ગં.સ્વ. હિરાબેન છનાભાઈ પટેલ (પત્ની)
કિરીટભાઈ છનાભાઈ પટેલ (પુત્ર)
સ્વ. હિતેષભાઈ છનાભાઈ પટેલ (પુત્ર)
ઈન્દુબેન યસવંતભાઈ પટેલ (પુત્રી)
યસવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ (જમાઈ)
મલય કિરીટભાઈ પટેલ (પૌત્ર)
નિવાસસ્થાનઃ પટેલ ફળિયું, અલથાણા ગામ, સુરત

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. ભારતસિંહ ગેમલસિંહ મકવાણા
સ્વ. તા. ૧૫/૦૨/૨૦૨૦ (મહા વદ સાતમ)
આંખોમાં તરવરે છે ચહેરો તમારો, અંતરમાં વસેલું છે તમારી યાદોનું ઘર,
આંસુઓથી ભીંજાતા રહે છે અમારા અંતર મન.
તમે આત્મા સ્વરૂપે જ્યાં હોવ ત્યાં પરમકૃપાળુ 'મા' અષ્ટભૂજા અંબિકાજી
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના...
શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ પરીવાર, અઠવાલઈન્સ, સુરત.
શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી
શ્રી કે. પી. સંઘવી આઈ ઈન્સ્ટીટ્યુટ
શ્રી ભારતસિંહ ગેમલસિંહ મકવાણા કોલેજ ઓફ નર્સિંગ
શ્રી જ્ઞાનભારતી ટ્રસ્ટ – શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ પરીવાર

દશમી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ

આપ યાદ આવો હર એક વ્યવહારમાં ખુશીઓમાં તહેવારમાં
જીવંત છો આપ અમારી સુવાસમાં,
સ્મરણ તમારૂ થતા મન મૂકીને રડાવતાં
અમારા પ્રત્યે અખૂટ લાગણી સાથેનો આપનો માયાળું સ્વભાવ
અને પ્રેમાળ હૃદયની મમતા સદાયે
અમારા હૃદયમાં જીવંત રહેશે.
પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. ગુલાબબેન હિંમતસિંહ પરમાર
સ્વ.તા. ૧૫-૨-૨૦૧૬

લિ.
ગં.સ્વ. સુનિતાબેન હરેન્દ્રસિંહ પરમાર
તથા સમસ્ત પરિવાર